અપીલ અરજી નં.૧૧૫ તા.૨૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સુરેશભાઈ ભગાભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ ભગાભાઈ પટેલની તા.૧૦–૫–૧૦ ની અરજીથી ગામ કતારગામના રે.સ.નં.૨૬૪/૨ વાળી જમીન જેને ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ) ના ફાયનલ પ્લોટ નં.૭૨ પૈકીની જમીન માં સુરત મહાનગર પાલિકા એ રજાચિઠ્ઠી નં.ટીડીઓ/૨૦૭ તા.૧૮–૫–૯૧ થી મંજુર કરેલ બાંધકામ પ્લાન તથા રજાચીઠ્ઠી મંજુર કરવા અંગે થયેલ તમામ કાર્યવાહીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૫/૨૦૧૦–૧૧

શ્રી સુરેશભાઈ ભગાભાઈ પટેલની તા.૧૦–૫–૧૦ ની અરજીથી ગામ કતારગામના રે.સ.નં.૨૬૪/૨ વાળી જમીન જેને ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ) ના ફાયનલ પ્લોટ નં.૭૨ પૈકીની જમીન માં સુરત મહાનગર પાલિકા એરજાચિઠ્ઠી નં.ટીડીઓ/૨૦૭ તા.૧૮–૫–૯૧ થી મંજુર કરેલ બાંધકામ પ્લાન તથા રજાચીઠ્ઠી મંજુર કરવા અંગે થયેલ તમામ કાર્યવાહીની નકલ આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૬ તા.૨–૭–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તેમજ ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તથા અરજદારને અપીલ અરજીમાં તબદીલી સહ કયા જાહેર માહિતી અધિકારીની માહિતી મળેલ છે અને કોની કઈ વિગત મળેલ નથી તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪૧૭ તા.૮–૧૦–૦૭ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી (શહેર વિકાસ વિભાગ ) તથા કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૩૪ તા.૧૪–૫–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૫૭ તા.૨૪–૫–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કર્યાના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તથા નોંધ વિભાગની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૩૯૯ તા.૧૪–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ પત્રો, અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૭૩૨ તા.૧૫–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૩–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પત્રના સંદર્ભે તા.૧૩–૭–૧૦ ના રોજ પત્ર ધ્વારા "અમારી તમામ માહિતી માંથી કોઈ પણ માહિતી અમોને આપવામાં આવેલ નથી " તેવું જણાવેલ છે. પરંતુ પક્ષકાર જાહેર માહિતી અધિકારી અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની તા.૧૦–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં માંગવામાં આવેલી માહિતી બાબતની અરજી માહિતી અધિકારી કમિશ્નર સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૨૩૪ તા.૧૪–૫–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તથા કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કરવામાં આવેલ. નોર્થઝોન તરફથી પત્ર નં.ટીડીઓ/૭૫૭ તા.૨૪–૫–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં સદરહુ ફાઈલો કતારગામ ઝોન વિભાગમાં હોવાથી તબદીલ કરવામાં આવેલ છે. તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. જેના અનુસંધાને કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં૧૭૩૨ તા.૧૫–૬–૧૦ થી સંદર્ભ હેઠળની અરજદારની અરજી અન્વયે ઝોનની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી તેવું અરજદારને જણાવેલ છે. તેના સંદર્ભે અરજદારે તા.૨૫–૬–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે પરંતુ અરજદારને માહિતીના રેકર્ડના નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે નગર રચના યોજના હેઠળ બાબત હેઠળની મિલ્કત સબંધી અન્ય સુવિધાના દફતરે પુનઃ ચકાસણી કરાવી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા અન્યથા મહાનગરપાલિકા અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સની વિગતે દફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની દફતરી હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)તથા ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશભાઈ ભગાભાઈ પટેલ